# ગાંધીનગર ઠુઠવાયું : વિક્રમી ઠંડી ૬.૨ ડિગ્રી

## સતત ઠંડીનુ પ્રમાણ વધતા નગરજનો કોલ્ડવેવની અસરથી થરથર ધ્રુજી રહ્યા છે : શ્રમિકો કફોડી હાલતમાં
## મહત્તમ તાપમાન પણ ઘટતા દિવસે પણ ઠંડીનો ચમકારો : ડિસેમ્બરમાં રેકર્ડ બ્રેક ઠંડી : જનજીવન સુન્ન પડી ગયુ

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં આજે સતત બીજા દિવસે ઠંડીનો પારો ગગડયો હતો. ગઈકાલના રેકર્ડ બ્રેક ઠંડીના અંતે આજે પણ લઘુત્તમ તાપમાન ઘટીને ૬.૨ ડિગ્રી પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીમાં ૦.૬ ડિગ્રી નો ફેરફાર જોવા મળ્યો હતો. અલબત્ત ઠંડીનુ પ્રમાણ વધ્યુ હતુ. આજનો દિવસો પણ સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઇ હતી. સતત કાતિલ ઠંડીનુ મોજુ યથાવત રહેતા નગરજનો ઠંડીમાં થરથર ધ્રુજી રહ્યા છે. નગરના જનજીવન પર આકરી ઠંડીની અસર જોવા મળી રહી છે. સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડાગાર શહેર તરીકે ઉભરી રહ્યુ છે. ત્યારે બરફીલા પવન વચ્ચે ઠંડીનુ જોર બેવડાયુ છે. ઠંડીની અસરથી બચવા માટે નગરજનો અનેક નુસખા અજમાવી રહ્યા છે. બીજીતરફ ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત દયાજનક બની છે. ઠંડીનુ પ્રમાણ સતત વધતા નગરજનો પણ કોલ્ડવેવથી તોબા પોકારી ગયા છે.

ગાંધીનગર છેલ્લા ૧૦ દિવસથી આકરી ઠંડીની ગિરફતમાં છે. ઠંડીનો પારો સતત ગગડતા નગર રાજયમાં સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવતા શહેરીજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. ગઈકાલે ઠંડીનો પારો ૬.૮ ડિગ્રી સુધી પહોંચી જતા શહેરમાં સિઝનની અત્યાર સુધીની રેકર્ડબ્રેક ઠંડી નોંધાઇ હતી. જયારે આજે પણ ઠંડીનો મિજાજ વધુ ઉગ્ર બનતા લઘુત્તમ તાપમાન ૬.૨



ડિગ્રી નોંધાયુ હતુ. જેના લીધે નગરજનો કાતિલ ઠંડીની લપેટમાં આવી ગયા હતા. સતત ઠંડીના લીધે શહેરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ છે.

શહેરમાં વહેલી સવારે અને રાત્રિના સમયે ઘરની બહાર નિકળનારાઓની સંખ્યા નહીંવત જોવા મળી રહી છે. જયારે રાત્રિના સમયે નગરના માર્ગો પર ઠંડીના લીધે સન્નાટો છવાયેલો જોવા મળે છે. ગાંધીનગર ઠંડીની ગિરફતમાં આવી જતા દિવસ દરમિયાન પણ મહત્તમ તાપમાનમાં ગિરાવટ આવી છે. મહત્તમ તાપમાન પણ એક ડિગ્રી ઘટીને ૨૩.૬ રહ્યુ હતુ. જેથી દિવસે પણ ઠંડીની અસર વર્તાય છે. આકરી ઠંડીના લીધે સિનિયર સિટીઝન્સ તેમજ બાળકો વધુ પરેશાન બન્યા છે. બિમાર દર્દીઓ માટે શિયાળો વધુ આકરો બન્યો છે. સવારે પણ ધુમ્મસ વચ્ચે ઠંડીનો અસહ્ય ઠંડીનો ચમકારો અનુભવતા નગરજનો માર્નિંગ વોક કરવાનુ પણ ટાળી રહ્યા છે. આકરી ઠંડીના લીધે નગરજનોની રોજિંદી દિનચર્યા પણ પ્રભાવિત થઈ છે. સવારના સમયે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા ધુમ્મસ જોવા મળે છે. શહેરમાં ગરમ કપડાના બજારમાં ખરીદીનુ પ્રમાણ વધ્યુ છે. કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરના શ્રમિકો ઠુંઠવાઈ રહ્યા છે. બરફિલા પવન વચ્ચે કોલ્ડવેવનુ આક્રમણ વધતા શ્રમજીવીઓ ખુલ્લા આકાશ નીચે ઠંડીમાં ધ્રુજી રહ્યા છે. સેવાભાવી આગેવાનો તેમજ સંસ્થાઓ દ્વારા આ શ્રમિકોને ધાબળા વિતરણ કરવામાં આવી રહ્યુ છે.

# જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો ૩જીએ કોબા ખાતે યોજાશે

### શ્રમમંત્રી દિલીપ ઠાકોર અને નરહરિ અમીન ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો આગામી ૩જી જાન્યુઆરીના રોજ યોજાશે.

જિલ્લાકક્ષાના આ ગરીબ કલ્યાણ મેળામાં ગાંધીનગર મહાનગરપાલિકાના લાભાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગરીબ કલ્યાણ મેળામાં રાજ્યના શ્રમમંત્રી દિલીપભાઈ ઠાકોર અને રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન ખાસ ઉપસ્થિત રહેશે.

કોબા પ્રેક્ષા ભારતી કેન્દ્ર ખાતે આ મેળાનું આયોજન કરવામાં આવશે. ૩ હજારથી વધુ લાભાર્થીઓને આ મેળામાં લાભ આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે સમાજકલ્યાણ વિભાગ, નાગરિક પુરવઠા વિભાગની ઉજવલ્લા યોજના, કૃષિ તેમજ શિક્ષણ વિભાગના લાભાર્થીઓને હાલ આવરી લેવામાં આવનાર છે. આ ઉપરાંત અન્ય વિભાગોના લાભાર્થીઓને પણ આ મેળા દરમ્યાન લાભ આપવામાં આવનાર છે.

જિલ્લાકક્ષાએ જ આયોજન કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. ૩ થી ૫ મી જાન્યુઆરી દરમ્યાન આ મેળાઓ રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મનપા વિસ્તારમાં યોજાશે.

૩ જી જાન્યુઆરીએ રાજ્યના ૧૨ જેટલા જિલ્લાઓ અને ૩ મનપા વિસ્તારને આવરી લેવામાં આવનાર છે. જિલ્લાતંત્ર દ્વારા આ ગરીબ કલ્યાણ મેળાના આયોજનને લઈ ધમધમાટ પણ આજથી વેગીલો બની જવા પામ્યો છે.

## જિલ્લામાં હૃદયની બિમારી ધરાવતા ૧૮ અને કિડનીની બિમારીના ૫ બાળ દર્દી મળ્યા

### શાળા આરોગ્ય ચકાસણીમાં ૧,૪૨,૩૧૨ બાળકોની તપાસ

ગાંધીનગર, તા. ૨૮

આરોગ્ય વિભાગના અતિ મહત્વાકાંક્ષી શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં જિલ્લાના ૧,૪૨,૩૧૨ બાળકોની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે. આ સાથે જિલ્લામાં આ ચકાસણીની કામગીરી ૫૦ ટકા જેટલી થવા પામી છે.

આ ચકાસણી દરમ્યાન ૧૧,૫૭૧ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે. ચકાસણી દરમ્યાન ૩૯૧ બાળકોને સંદર્ભ સેવા માટે રિફર કરવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ પૈકી ૭૨ બાળ દર્દીઓને તો નિષ્ણાતો દ્વારા સારવાર પણ આરંભી દેવામાં આવી છે.

જિલ્લામાં આ કાર્યક્રમ અંતર્ગત હૃદયની બિમારી ધરાવતા ૧૮ અને કિડનીની બિમારી ધરાવતા ૫ બાળકો મળી આવેલ છે. જ્યારે અન્ય રોગના ૧૪ બાળકો મળી આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં જગ્યાની ઓળખ દર્શાવતા નવા સાઈન બોર્ડ્સ લગાવાશે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં સર્કલો અને માર્ગોના નવા નામાભિધાન બાદ અગાઉ વાઈબ્રન્ટ સમિટ પુર્વે નવા સાઈન બોર્ડસ પણ લગાવાયા હતા. જો કે હજુ પણ નવા નામાભિધાન મુજબની ઓળખ આમ નાગરિકોના જીભે ચઢી નથી. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને સોળે શણગાર સજવા માટે તંત્ર કામે લાગ્યુ છે. ત્યારે નગરના વિવિધ ઠેકાણે ૨૨ જેટલા નવા સાઈન બોર્ડસ લગાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને હવે માત્ર થોડા દિવસો જ આડા રહી ગયા છે ત્યારે તંત્ર પુરજોશમાં કામે લાગી ગયુ છે. નગરના બ્યુટીફિકેશન તેમજ માર્ગ સુધારણા અને અન્ય સુશોભનના કામો તેજ ગતિએ હાથ ધરાયા છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના માર્ગો ,ફુટપાથ તેમજ સેન્ટ્રલ વર્જને પણ યોગ્ય કરી રંગરોગાનનુ કામ હાથ ધરાયુ છે. આ ઉપરાંત પ્લાન્ટેશન પણ કરવામાં આવી રહ્યુ છે. જયારે અગાઉ વાઈબ્રન્ટ સમિટનો અનુલક્ષી નગરમાં સાઈન બોર્ડસ પણ લગાવાયા હતા. નગરના પ્રવેશદ્વાર પાસે ગેન્ટ્રી પણ તૈયાર

**સરકીટ હાઉસ, મહાત્મા મંદિર, ચ-૩, ચ-૨ સહિત વિવિધ ૨૨ સ્થળોએ નવા બોર્ડસ લાગશે**

કરવામાં આવી હતી. જો કે આ વર્ષે પણ શહેરમાં વિવિધ ૨૨ જેટલા સાઈન બોર્ડસ નવા લગાવવાનુ કામ હાથ ધરાયુ છે. જુના સાઈન બોર્ડસને કલર તેમજ રીપેરીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત ચ-૩, ચ-૨ સરકીટ હાઉસ પાસે મહાત્મા

● અનુસંધાન પાન-૭ પર

## અનિલ પટેલના આક્ષેપો તથ્ય વિહોણા છે ! : રાજ્ય સરકાર

### ઈન્સ્પેક્શન રિપોર્ટમાં કામગીરીને બિરદાવાઈ છે : કાલિકા માતાજી ટ્રસ્ટ દ્વારા પણ કરાયેલી સ્પષ્ટતા

ગાંધીનગર, તા. ૨૮

રાજ્ય સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં ભ્રષ્ટ્રાચારના કથિત આક્ષેપોને લઈ પ્રવાસન વિભાગ દ્વારા કરાયેલા કામો અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે શબરી ધામના કામની ગુણવત્તા બાબતે મે-૨૦૧૪માં એલ.ડી. એન્જી. કોલેજના મીકેનીકલ ડિપાર્ટમેન્ટનો ત્રીજી પાર્ટી ઈન્સ્પેકશન થકી રિપોર્ટ મેળવવામાં આવ્યો હતો અને તેમાં કામગીરીને બિરદાવવામાં આવી હતી.

આ જ પ્રમાણે રામેશ્વરમાં પણ બે પેકેજમાં કામગીરી હાથ ધરવામાં આવી હતી અને તેની ગુણવત્તા બાબતનો એલ.ડી. કોલેજનો રિપોર્ટ એપ્રિલ-૨૦૧૪માં મેળવવામાં આવ્યો હતો. આજ પ્રમાણે બહુચરાજી ખાતે પણ જે કામગીરી થઈ તે બાદ ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા મળેલ સૂચનોની કામગીરી પણ એજન્સીના ખર્ચેજ કરવામાં આવી હતી. આમ આ પ્રકારના આક્ષેપો તથ્ય વિહોણા છે.

કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ પાવાગઢ દ્વારા પણ સ્પષ્ટતા કરતાં જણાવાયુ છે કે આ કામગીરી બે તબક્કામાં કરવાની હતી અને હાલ કામ ચાલુ છે. આ કામગીરીમાં પણ ટ્રસ્ટનો ટોટલ ખર્ચના ૩૦ ટકા લેખે ફાળો નક્કી કરવામાં આવ્યો છે.

કાલિકા મંદિર તેમજ આસપાસના વિસ્તારોમાં યાત્રિકોની સુખ સુવિધા તેમજ સગવડ માટે પવિત્ર યાત્રાધામ બોર્ડ અને સરકાર દ્વારા વિકાસ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે.

# આજથી રાષ્ટ્રપતિ કોવિંદ સફેદ રણની મુલાકાતે

### રણમાં સૂર્યાસ્ત અને સૂર્યોદયનો નજારો માણશે : ધોરડો હેલિપેટથી ટેન્ટ સિટી જશે : સફેદ રણમાં સનસેટ પોઇન્ટની મુલાકાત લઇ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેશે

અમદાવાદ,તા.૨૮

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આવતીકાલથી બે દિવસ માટે કચ્છમાં ધોરડો ખાતે આવેલા સફેદ રણની મુલાકાત લેશે. રણમાં સૂર્યાસ્ત અને સૂર્યોદયનો નજારો માણશે. પ્રથમવાર કચ્છમાં રણ-ઉત્સવની મુલાકાત લઈ રહ્યા છે.રાષ્ટ્રપતિ સાથે મુલાકાત દરમિયાન રાજ્યના પ્રવાસન મંત્રી ગણપત વસાવા પણ જોડાશે. રાષ્ટ્રપતિના સત્તાવાર કાર્યક્રમ અનુસાર તેઓ ધોરડો હેલીપેડથી ટેન્ટ સિટી જશે. ત્યારબાદ તેઓ સફેદરણમાં સનસેટ પોઈન્ટની મુલાકાત લઈ કચ્છના રણમાં સૂર્યાસ્તનો અદ્ભુત નજારો માણ્યા બાદ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળશે.ત્યારબાદ, મહામહીમ રાત્રિ રોકાણ ટેન્ટ સિટી માં જ કરશે. તારીખ ૩૦મીની સવારે બીજા દિવસે સફેદરણમાં વહેલી સવારે સૂર્યોદયનો અનુભવ કરશે.ત્યાર બાદ રાષ્ટ્રપતિ ધોરડોથી નીકળી સાસણગીર જવા રવાના થશે. ગુજરાતના પ્રવાસને વિકસાવવા માટે તત્કાલિન મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા અનેક નવીન તકો પૂરી પાડવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ફિક્સ પગારના કર્મચારીઓની વિગતો નાણાં વિભાગે માંગતા નવા સંકેત

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યના વિવિધ વિભાગોમાં ફિક્સ પગાર ધરાવતા કર્મચારીઓની સંખ્યા અને ક્યારે નિમણુંકો અપાઈ તે સહિતની વિગતો સરકારના નાણાં વિભાગ દ્વારા એકત્ર કરવામાં આવી રહી છે.

નાણાં વિભાગે વર્ગ-૩ અને વર્ગ-૪માં આવા કેટલા કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે તે અંગેની વિગતો વિભાગો પાસેથી માંગી છે અને તે તાત્કાલિક મોકલી આપવાની પણ કડક સુચના આપી છે.

ફિક્સ પગારના કર્મચારીઓ માટે ૨૦૦૬ની નીતિ અન્વયે વિભાગ હસ્તક ભરતી થયેલા કર્મચારીઓની વિગતો માંગવામાં આવી છે. આ વિગતો સાથે વિભાગ હસ્તક નિયમિત નિમણુંક પામ્યા હોય તેવા કર્મચારીઓની સંખ્યા પણ અલગથી દર્શાવવા માંગવામાં આવી છે.

સરકારના વિશ્વસનીય સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ સરકારે આ માટે અધિકારીઓની એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી છે અને તે અંગે સમિતિ તેનો અહેવાલ તૈયાર કરી સરકારને આપશે. જેમાં ફિક્સ પગારની નીતિમાં ફેરફાર શક્ય છે કે કેમ ? ફિક્સ પગારના કર્મચારીઓને કયા લાભ વધુ આપી શકાય એમ છે ? તેમજ આ નીતિ ચાલુ રાખવી શક્ય છે કે તેની સમય મર્યાદામાં ઘટાડો કરવો જેવી વિવિધ વિગતો અને પાસાંઓને આવરી લઈ આ સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે જાન્યુઆરીની મધ્યમાં આ સમિતિ પોતાનો અહેવાલ સરકારને આપી દેશે અને ૨૬ જાન્યુઆરી ૧૯ પહેલાં સરકાર કોઈ મહત્વના ફેરફારોની જાહેરાત કરી શકે છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com